# શહેરમાં બીજા દિવસે પણ શરદોત્સવ ઉજવાયો
















ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના પાદરે ઈન્ફોસીટી ખાતે શ્રીફળ હાઈટ્સ દ્વારા ગરબાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખૈલેયાઓ મનમુકીને ગરબે ઘુમ્યા હતા. શરદપુનમના ગરબા આયોજકો દ્વારા ગરબે ઘુમનારા ખૈલેયાઓને લાખો રુપીયાના વિવિધ કેટેગરીમાં ઈનામો એનાયત કર્યા હતા. જયારે ગરબા ઘુમવા માટે ગુજરાતી ફિલ્મ છેલ્લો દિવસ, દે તાલી તેમજ બે યારના કલાકારો આવતા ગરબાપ્રેમીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. જયારે કલાકારોએ પણ ગરબા ગ્રાઉન્ડમાં ગરબે ઘુમીને ખૈલેયાઓને પ્રોત્સાહીત કર્યા હતા. જયારે ગુજરાતી ફિલ્મના કલાકારો સાથે સેલ્ફી લેવા માટે યુવાવર્ગમાં ભારે ક્રેઝ ઝોવા મળ્યો હતો. જયારે ગુજરાતના જાણીતા ગાયક કલાકાર અભિતા પટેલે ગરબાની સુંદર ઝમાવટ કરી હતી. જયારે શરદ પુનમના ગરબામાં ખૈલેયાઓ મનમુકીને ઝુમી ઉઠ્યા હતા.

ગાંધીનગર જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લિ. મધુર પરિવાર દ્વારા શરદ પૂનમ ગરબાનું આયોજન કરાયું હતું. જેમાં ડેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ પરિવાર સાથે ગરબામાં જોડાયા હતા અને ગરબે ઘુમવાની મોજ માણી હતી. જયારે શરદોત્સવ નિમિતે આયોજીત મહાઆરતીમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરના હસ્તે આરતી ઉતારવામાં આવી હતી. આ પ્રસંગે શંભુજીએ જિલ્લાની મોખરાની ડેરી ગણાવી હતી અને મધુરની વિવિધ પ્રવૃતિઓને પણ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે ડેરીના ચેરમેન ડો. શંકરસિંહ રાણા, મેનેજીંગ ડિરેકટર રોહિત મહેતા, લાલુભા વાઘેલા, વિનોદ રાઠોડ, ડેરીના ડીરેકટરો, હોદેદારો સહિત મોટી સંખ્યામાં કર્મચારીઓ હાજર રહીને ગરબાની મોજ માણી હતી. જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન હંસાબેન ચૌધરીએ કર્યુ હતું. જયારે શરદ પુનમ નિમિતે જલારામ ધામ ખાતે પણ સમાજના ભાઈ બહેનો માટે શરદ પુનમના ગરબા યોજાયા હતા. જેમાં સમાજના ભાઈ બહેનો શીતળ ચાંદની રાતમાં મોટીસંખ્યામાં ગરબે ઘુમ્યા હતા.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




આંખ બંધ કરો એટલે ચણિયાચોળી દેખાય છે... કાનમાં સનેડો - સનેડો સંભળાય છે... આ બધા નવરાત્રી પછીનાં આફટરશોક છે... સારું થઈ જશે...!!

## આવતીકાલે ટાઉનહોલ ખાતે નન્હી મુસ્કાન લોકડાયરો

ગાંધીનગરમાં અનાથ બાળકોને શિક્ષણ આપવાનું કાર્ય કરતી સંસ્થા શિવમ એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૧૯મી ઓક્ટોબરે રાત્રે ૮ કલાકે સે. ૧૭ના ટાઉનહોલ ખાતે નન્હી મુસ્કાન લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે. આ લોકડાયરો ક્રિષ્ના એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી આયોજિત કરવામાં આવ્યો છે. જેમાં લોક સાહિત્યકાર ડૉ. રણજીત વાંક, લોકગાયક નારણ બારોટ તથા બાળ સાહિત્ય કલાકાર હિતાર્થ બારોટ કાર્યક્રમ રજૂ કરશે. આ પ્રસંગે અમદાવાદના સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિરના મહામંડલેશ્વર મહંત પૂ. દિલીપદાસજી મહારાજ તથા ઈડર તાલુકાના યાત્રાધામ વિશેશ્વર મહાદેવના મહંત પૂ. રામદાસજી ગુરૂ અનિરૂદ્ધદાસજી નિર્મોહી વિશેષ અતિથિપદે ઉપસ્થિત રહેશે.

## પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં આવતીકાલે પ્રદેશ ભાજપની પ્રદેશ બેઠક

ગાંધીનગર, તા. ૧૭

પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું છે કે, પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં આવતીકાલ તારીખ ૧૮ ઓક્ટોબર, મંગળવારના રોજ પ્રદેશ બેઠક બપોરે ૩.૦૦ કલાકે યોજાશે.

પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે યોજાનારી આ બેઠકમાં પક્ષના રાષ્ટ્રીય હોદ્દેદારો, પક્ષના પ્રદેશ હોદ્દેદારો, મોરચાના પ્રદેશ પ્રમુખ અને મહામંત્રીઓ, જિલ્લા, મહાનગરના પ્રભારીઓ, જિલ્લા, મહાનગરના પ્રમુખ-મહામંત્રીઓ ઉપસ્થિત રહેશે.

પંડ્યાએ જણાવ્યું હતું કે, પ્રદેશ કારોબારી દરમિયાન નક્કી થયેલ કાર્યક્રમો ઉપરાંત જિલ્લા/મહાનગર મંડલ કારોબારીની વિગતો તેમજ આગામી કાર્ય યોજના અંગે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવશે.

# પોલીસના હિતોના રક્ષણ માટે ખેડૂતે કરાવ્યું માથે મુંડન

## ઓઢવના ખેડૂત વિષ્ણુભાઈ ઠાકોર પોલીસના અધિકારો માટે નવા સચિવાલય ગેટ નં. ૧ સામે અનોખુ વિરોધ પ્રદર્શન કર્યું

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના નવા સચિવાલયના ગેટ નં. ૧ સામે આજે સવારે ૧૧ વાગ્યાના સુમારે ઓઢવના ખેડૂત વિષ્ણુભાઈ રૂપસીંગજી ઠાકોર દ્વારા પોલીસ કર્મીઓના હિતોના રક્ષણની માંગ સાથે અનોખુ વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. પોતાના ધરણા-વિરોધ પ્રદર્શન કરવા માટે વિષ્ણુભાઈએ સચિવાલય સામે જ માથે મુંડન કરાવ્યું હતું. આ ધરણા દરમ્યાન પોલીસ દ્વારા વિષ્ણુભાઈની અટકાયત કરી અડધા કલાક બાદ તેમનું નિવેદન લઈ છોડી મુકવામાં આવ્યા હતા. જોકે વિષ્ણુભાઈએ પોતાનું વિરોધ પ્રદર્શન ચાલુ રહેશે અને જો સરકાર દિવાળી સુધીમાં તેમની વાત સાંભળી કોઈ નિર્ણય નહી કરે તો દિવાળી પછી આજ જગ્યાએ આત્મવિલોપન કરવાની પણ ચિમકી ઉચ્ચારી હતી.



સરકારી અધિકારીઓ અને પ્રજા વચ્ચે પિસાતા પોલીસ કર્મીઓના હક્કો તથા અધિકારો માટે લડત આપી રહેલા ખેડૂત વિષ્ણુભાઈએ પોતાના ધરણા પ્રદર્શન દરમ્યાન એક પત્રિકાનું વિતરણ કરી પોતાની માંગને રજુ કરી હતી. આ માંગોમાં પોલીસ પર થતા સાશનિક અત્યાચારો બંધ કરવાથી માંડીને પોલીસના પગાર, ઓર્ડરલી પ્રથા બંધ કરવા, સરકારી આવાસની ફાળવણી, બે બાળકો સુધી શિક્ષણ ભથ્થુ આપવા, પોલીસ કર્મીઓનો દૂરપયોગ કરવા જેવા મુદ્દા સમાવી લીધા છે.

આ માંગણીઓ સાથે સરકાર સમક્ષ વિરોધ પ્રદર્શિત કરવા તેઓએ નાયીને સાથે લાવી નવા સચિવાલય સમક્ષ માથે મુંડન કરાવ્યું હતું. પોલીસની અટકાયત બાદ છુટકારો પામેલા વિષ્ણુભાઈ ઠાકોરે દિવાળી સુધીમાં જો સરકાર યોગ્ય પ્રતિભાવ નહી આપે તો દિવાળી પછી આ જ સ્થળે આત્મવિલોપનની ચિમકી ઉચ્ચારી છે. અત્રે ઉલ્લેખનીય છે કે વિષ્ણુભાઈનું ખેતર ઓઢવ રીંગરોડ પોલીસ ચોકીની બાજુમાં છે અને દલિત-પાટીદાર આંદોલનોમાં ફરજ નિભાવનાર પોલીસ કર્મીઓને પ્રજાના હાથે માર ખાધા પછી રોડ સાઈડ ખાનગીમાં રડતા જોઈ પોલીસ કર્મીઓ માટે અવાજ ઉઠાવવાનો તેમણે નિર્ણય કર્યો હતો.